કભી સુખ હૈ, કભી દુઃખ હૈ, ઈસીકા નામ જીવન હૈ, જો મુશ્કિલમેં ન ઘબરાએ, ઉસે ઈન્સાન કહતે હૈ...

**નવા કેસ**
રાજ્ય ૯૧૫
અમદાવાદ ૧૬૭
ગાંધીનગર ૩૧

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨૬ | ૧૫ જુલાઈ, ૨૦૨૦, બુધવાર; અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજસ્થાનમાં પાઈલોટ સહિત બળવાખોરો આઉટ

**કોંગ્રેસ મોવડી મંડળ દ્વારા સચિન પાઈલોટને નાયબ મુખ્યપ્રધાન અને પ્રદેશ અધ્યક્ષપદેથી હટાવી દેવાયા : પદભ્રષ્ટ પાઈલોટનાં આકરા તેવર : રાજસ્થાનમાં સરકારને ઉથલાવવાના દાવપેંચ કામચલાઉ ઉલટા પડ્યા : પાઈલોટના હાથમાં કંઈ નથી, આખો શો ભાજપનો : ગેહલોત**



જયપુર, તા.૧૪
જયપુરઃ કોંગ્રેસ પાર્ટીએ સખત વલણ અપનાવીને આજે સચીન પાઈલટને રાજસ્થાનના નાયબ મુખ્ય પ્રધાન પદેથી તેમજ રાજયના પાર્ટી પ્રમુખ પદેથી બરતરફ કરી દીધા છે. પાઈલટની સાથે રાજસ્થાનમાં બે અન્ય પ્રધાનને પણ બરતરફ કરવામાં આવ્યા છે. આ બંને પ્રધાન છે – વિશ્વેન્દ્ર સિંહ અને રમેશ મીણા. આ બંને પ્રધાને મુખ્ય પ્રધાન અશોક ગેહલોત સામે બળવો કર્યો હતો અને કેબિનેટમાંથી બરતરફ કરાયેલા પાઈલટને ટેકો આપ્યો હતો.

સચિન પાયલટને ડેપ્યુટી સીએમ અને પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ પદેથી હટાવવામાં આવ્યાં છે. જેમની જગ્યાએ ગોવિંદ સિંહ ડોટાસારાને રાજસ્થાન કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે. આ ઉપરાંત વિશ્વેન્દ્ર સિંહ અને રમેશ મીણાને પણ મંત્રીમંડળથી બરતરફ કરાયા છે. તેઓ પાઈલટ જૂથના છે. કોંગ્રેસના અનેક નેતાઓએ પાયલટને મનાવવાની ખુબ કોશિશ કરી પરંતુ તેઓ ન માન્યાં. આખરે ત્યારબાદ કોંગ્રેસ

● અનુસંધાન પાના - ૭ પર

# વિશ્વમાંથી કોરોનાને મ્હાત કરવા સરકારો મહેનત કરતી નથી : WHO

**અનેક સરકારો ખોટી દિશામાં જઈ રહી છે : વિશ્વ પ્રતિબંધોના કારણે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિણામો ભોગવવા પડશે : પ્રમુખ ટેડ્રોસ**

જીનીવા,તા.૧૪
કોરોના વાયરસના કેસની સંખ્યા ઘટાડવામાં નિષ્ફ્ફ રહેવાને લઈ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સોમવારે વિશ્વના વિભિન્ન દેશોની સરકારની ટીકા કરી હતી. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમ ઘેબ્રિયેસુસે જણાવ્યું કે, સરકારો કોરોના વાયરસ મામલે વિભિન્ન મેસેજ આપી રહી છે અને લોકોનો વિશ્વાસ ગુમાવી રહી છે. કોરોનાના મોટા કેસને રોકવામાં નિષ્ફ્ફતાનો મતલબ આપણે નજીકના ભવિષ્યમાં સામાન્ય જિંદગીમાં નહીં પરત ફરી શકીએ તેવો થાય છે. જો કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સરકારોની ટીકા દરમિયાન કોઈ ખાસ રાજનેતા કે દેશનું નામ નહોતું લીધું.

ટેડ્રોસે જણાવ્યું કે, કોરોના વાયરસ મહામારીને લઈ અનેક દેશ ખોટી દિશામાં આગફ વધી રહ્યા છે. કેટલાક દેશો સંક્રમણ રોકવા યોગ્ય પગલા નથી ભરી રહ્યા. જો કે સાથે જ સંગઠને સરકારો માટે કોરોના વાયરસ મહામારી રોકવી કેટલી મુશ્કેલ છે તેમ પણ સ્વીકાર્યું હતું. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સ્વીકાર્યું કે, પ્રતિબંધોના કારણે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિણામો ભોગવવા પડે છે. કોરોના વાયરસ જનતાનો દુશ્મન નંબર-૧ બન્યો છે પરંતુ અનેક દેશોની સરકાર અને જનતા આ વાત નથી સમજી રહ્યા. જીનેવા ખાતે પત્રકારોને સંબોધિત કરતી વખતે ટેડ્રોસે જણાવ્યું કે, કોરોના વિરૂદ્ધ કાર્યવાહી માટે જનતાનો ભરોસો હોવો સૌથી જરૂરી વસ્તુ છે પરંતુ નેતાઓ તરફથી અલદ અલગ સંદેશા સામે આવે છે આ વિશ્વાસ ઘટી રહ્યો છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના મતે વિવિધ સરકારોએ લોકોના સ્વાસ્થ્ય માટે સ્પષ્ટ સંદેશો આપવો જોઈએ અને



સામાન્ય લોકોને સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક અને હાથ સાફ કરવા ઉપરાંત લક્ષણો દેખાવા પર ઘરમાં રહેવા સમજાવવું જોઈએ. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના નિવેદનના એક દિવસ પહેલા વિશ્વમાં ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડ સમાન ૨.૩ લાખ નવા કેસ સામે આવ્યા હતા. તે પૈકી ૮૦ ટકા કેસ માત્ર ૧૦ દેશોમાંથી જ હતા.

# વિશાખાપટ્ટનમની ફાર્મા કંપનીમાં ભીષણ આગ

**ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ ૯૦ ટકા આગ પર કાબૂ મેળવી લેવાયો છે : આ ઘટનામાં એક વ્યક્તિને ઈજા પહોંચી છે**

વિશાખાપટ્ટનમ, તા.૧૪
આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં મોડી રાત્રે એક ફાર્મા કંપનીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. હાલ ભારે જહેમત બાદ ૯૦ ટકા આગ પર કાબૂ મેળવી લેવાયો છે. આ ઘટનામાં એક વ્યક્તિને ઈજા પહોંચી છે, જેને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

આ અંગે વિશાખાપટ્ટનમના ડ્ઢઝ્રઁ સુરેશ બાબૂએ જણાવ્યું કે, “અહીંની જે એન સિટી ફાર્મા કંપનીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ ઘટનાની જાણ થતાં પોલીસ તથા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જે બાદ ફાયર વિભાગના કાફલાએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લીધો છે. હાલ આગ લાગવાના ચોક્કસ કારણ જાણવાતપાસ હાથ ધરવામાં આવશે.” ઉલ્લેખનીય છે કે, ફાર્મા કંપનીમાં કેમિકલ્સ હોવાના કારણ આગ ઝડપથી ફેલાઈ હતી. આ આગ એટલી વિકરાળ હતી કે ઘણી દૂર સુધી ધૂમાડા જોઈ શકાતા હતા.



## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૩૩૦૮૦૬૧ | ૫૭૭૨૨૩ | ૭૨૪૩૩૨૩ |
| ભારત | ૯૩૩૮૬૮ | ૨૪૨૯૧ | ૫૯૦૪૫૫ |
| ગુજરાત | ૪૩૭૨૩ | ૨૦૭૧ | ૩૦૫૫૫ |
| ગાંધીનગર | ૧૦૩૪ | ૬૬ | ૬૫૫ |

# દેશમાં કોરોનાના ૨૮,૪૯૮ નવા કેસ

**૨૪ કલાકમાં ૫૪૦ના મોત : કોરોના રિકવરી રેટ ૬૩.૦૨% થયો : ભારતમાં કોરોનાના કેસ ૯ લાખને પાર**

નવી દિલ્હી,તા.૧૪
વૈશ્વિક સ્તર પર કોરોના મહામારીની સ્થિતિ બગડી રહી હોવાના વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણી વચ્ચે સમગ્ર દેશમાં કોરોનાના કેસો વધતાં, વાઈરસના સંક્રમણને રોકવા કેટલાક શહેરોમાં આંશિક લોકડાઉન અમલમાં છે ત્યારે અનલોક-૨ના ૧૩મા દિવસે સોમવારે કોરોનાના કેસો ૨૮ હજારની ઉપર નોંધાયા છે. અને તે સાથે જ કેસોની સંખ્યા ૯ લાખને પાર કરી ગઈ છે. જો આ જ રીતે કેસો વધશે તે આગામી ૩ જ દિવસમાં કેસોની સંખ્યા ૧૦ લાખ સુધી પહોંચી શકે તેમ છે. આજે મંહફ્વારે સવારે છેલ્લાં ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોના આંકડા જાહેર કરવામાં આવ્યાં ત્યારે નવા ૨૮,૪૯૮ કેસો સામે આવ્યાં હતા. જો કે તે સોમવાર કરતાં ઓછા છે. પરંતુ કેસો હવે ૨૮ હજારની આસપાસ આવી રહ્યાં હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. આ જ સમયગાફ્રામાં વધુ ૫૪૦ લોકોના મોત થયા છે. અને વધુ ૧૮ હજાર જેટલા દર્દીઓ સાજા પણ થયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસો નોંધાયા છે. તો બીજી તરફ ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૩.૦૨ ટકા સુધી પહોંચી ગયો છે. જેને એક સારી બાબત તરીકે જોવામાં આવી રહ્યું છે. ૨૧ રાજ્યમાં દર્દીઓને સારું થવામાં ગતિ આવી છે અને હવે ૧૦ લાખ વસ્તી પૈકી ૮,૫૫૫ લોકોની તપાસ થાય છે.



## છેલ્લે... છેલ્લે...

- બિહારમાં આજથી ૨૨મી સુધી સંપૂર્ણ લોકડાઉન. માત્ર આવશ્યક સેવાઓ અને દવાની દુકાનો ચાલુ રહેશે.
- અંબાજી ભાદરવી પૂનમનો મેળો નહિ યોજાય.
- વંદે ભારત મિશન હેઠળ ૬.૫૦ લાખ કરતાં પણ વધુ ભારતીયો વતન પરત ફર્યા

# બિહાર ભાજપ મુખ્યાલયમાં કોરોનાની એન્ટ્રી, પાર્ટીના ૭૫ નેતા સંક્રમિત

પટના,તા.૧૪
બિહારમાં કોરોના સંક્રમણ ખતરનાક થઈ રહ્યું છે. આ જ કડીમાં હવે બિહારના બીજેપીના ૭૫ નેતા કોરોના પોઝિટિવ હોવાનું માલુમ પડ્યું છે. જે નેતાઓ કોરોના બીમારીમાં સપડાયા છે તેમાં સંગઠન મહામંત્રી નાગેન્દ્ર જી, પ્રદેશ મહામંત્રી દિનેશ કુમાર, પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેશ વર્મા, રાધા મોહન શર્મા સહિત બીજેપીના વરિષ્ઠ નેતાઓ સામેલ છે. બિહારમાં કદાચ આવું પ્રથમ વખત સામે આવ્યું છે કે એકસાથે કોઈ પાર્ટીના આટલા નેતા કોરોના પોઝિટિવ આવ્યા હોય. હકીકતમાં બિહારમાં આ વર્ષના અંતમાં જ વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. જેને લઈને પાર્ટી નેતાઓ સતત પોતાની ઓફિસમાં બેઠક કરી રહ્યા હતા.

બીજેપીની આ બેઠક પટના સ્થિત પાર્ટી કાર્યાલયમાં ચાલી રહી હતી. આ બેઠકમાં અનેક નેતાઓ ભાગ લેતા હતા. બિહારમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાનાર હોવાથી પાર્ટીના નેતાઓ વર્ચ્યુઅલ રેલીનો કાર્યક્રમ ચલાવી રહ્યા છે. એવામાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે નેતાઓ એક સ્થફે એકઠા થઈ રહ્યા હોવાથી બીજેપી મુખ્યાલયમાં કોરોના વિસ્ફોટ થયો છે.

# ભારતીય કોરોના વેક્સિન-કોવેક્સિનની હ્યુમન ટ્રાયલ

પટણા,તા.૧૪
ભારતે તૈયાર કરેલી વેક્સિનની હ્યુમન ટ્રાયલ શરૂ થઈ છે. ભારતીય વેક્સિનનું નામ છે કોવેક્સિન. ૧૦- ૧૧ દિવસ પહેલા સરકારે કહ્યુ હતું કે બહું જલ્દી અને દેશની મોટી સંસ્થાઓમાં વેક્સિનનું પરિક્ષણ શરૂ કરવામાં આવશે. જે અંતર્ગત એઆઈઆઈએમએસ પટનામાં વેક્સિનનું પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. આ માટે ૧૮ વોલેન્ટીરની પસંદગી કરવામાં આવી છે. એક ન્યૂઝ વેબસાઈટમાં જણાવ્યાનું સાર દુનિયામાં અનેક રસીઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. જેમાં

● અનુસંધાન પાના - ૭ પર

# ઈરાને છેડો ફાડ્યો : ભારતને ચાબહાર યોજનાથી દૂર કર્યું

**ઈરાન ભારત વિરોધી ચીનના ખોળે બેસી ગયું : ભારતને ફટકો : ભારતે ફંડ આપ્યું ન હોવાનું કહીને ઈરાને ૪૦૦ અબજની ડીલ કરી ચીન સાથે હાથ મિલાવી દીધા**

તહેરાન, તા. ૧૪
ઈરાને ચીન સાથે ૪૦૦ અબજ ડોલરની ડીલ કરી તે પછી તેના રંગ બદલાય ગયા છે. ચીન સાથે હાથ મિલાવવાની સાથે જ ઈરાને ભારતને ભારે મોટો ઝાટકો આપીને ચાબહાર રેલ પરિયોજનામાંથી બહાર કરી દીધું છે. ઈરાનના આરોપ પ્રમાણે સમજૂતીના ચાર વર્ષ વીતી ગયા છતાં ભારત આ પરિયોજના માટે ફંડ નથી આપી રહ્યું માટે આ સંજોગોમાં હવે તે જાતે જ આ પરિયોજનાને પૂરી કરશે. ચીન સાથેની સમજૂતી બાદ ઈરાનના બેઝિક સ્ટ્રક્ચર સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ બેઈજિંગ જ પૂર્ણ કરશે. ચાબહાર રેલ પરિયોજના ચાબહાર પોર્ટથી જહેદાન વચ્ચે



● અનુસંધાન પાના - ૭ પર

# મુકેશ અંબાણી વિશ્વના છઠ્ઠા ધનાઢ્ય બિઝનેસમેન બન્યા

**બ્લૂમબર્ગની બિલિનિયર્સ ઇન્ડેક્સનો રિપોર્ટ : મુકેશ અંબાણી કુલ સંપત્તિ વધીને ૪૨.૭ અબજ ડોલર થઈ, ગૂગલના લૈરી પૈજને પાછળ છોડી આ સ્થાન મેળવ્યું**

નવી દિલ્હી, તા. ૧૪
હમણાં સુધી ભારત અને એશિયાના સૌથી ધનિક મુકેશ અંબાણી હવે વિશ્વના છઠ્ઠા સૌથી ધનાઢ્ય વ્યક્તિ બની ગયા છે. તેમણે વિશ્વના સૌથી ધનિકોની હરોળમાં ગૂગલના કો-ફાઉન્ડર લૈરી પૈજને પાછળ છોડીને આ સ્થાન મેળવ્યું છે.

બ્લૂમબર્ગની બિલિનિયર્સ ઈન્ડેક્સ મુજબ મુકેશ અંબાણીની કુલ સંપત્તિ ૭૨.૪ એબજ ડોલર થઈ ગઈ છે. સોમવારે રિલાયન્સના શેરમાં ત્રણ ટકાનો ઉછાળો આવ્યો હતો. શેર્સમાં ઉછાળાનો ફાયદો તો મુકેશ અંબાણીને મળ્યો જ છે, પરંતુ અમેરિકન શેર માર્કેટમાં થયેલા કડાકાએ પણ તેમને ફાયદો પહોંચાડ્યો છે. આ કડાકાને લીધગૂગલના કો-ફાઉન્ડર લૈરી પૈજની સંપત્તિ ૭૧.૬ અબજ ડોલર પર આવી પહોંચી, જ્યારે ગૂગલના સ્થાપક સેરજે બ્રિનની સંપત્તિ ૬૯.૪ એબજ ડોલર થઈ હતી.



ટેસ્લાના એલન મસ્ક પણ મુકેશ અંબાણીથી પાછળ રહી ગયા છે. ગયા અઠવાડિયે મુકેશ અંબાણીએ બર્કશાયર હૈથવેના સીઈઓ અને વિશ્વના દિગ્ગજ રોકાણકાર વોરેન બફેને પણ પાછળ છોડી સાતમા સ્થાને આવ્યા હતા.

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE
0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years